1) ખોટી જોડણીનો વિકલ્પ પસંદ કરો.
(A) કારકિર્દી, રજિસ્ટર, નિમણૂક
(B) સુશ્રુષા, દુર્ગમ, સર્ટીફિકેટ
(C) ભવિષ્યવેત્તા, ઉજમાળું, વિદ્યાત્રી
(D) વિલીન, સાન્નિધ્ય, વિચલિત

2) વિરુદ્ધાર્થી શબ્દ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) અજીજ × વહાલું
(B) પુરાતન × અદ્યતન
(C) કઠોર × મૃદુ
(D) નૈસર્ગિક × કૃત્રિમ

3) વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો: 'વિજેતા'
(A) હારિયું
(B) હારીલ
(C) અભિભૂત
(D) પરંતપ

4) વિરુદ્ધાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) આશા × આસ્થા
(B) આબેહયાત × ઝેર
(C) કોચું × સત્ત્વહીન
(D) ઘડી × પાઘડી

5) વિરુદ્ધાર્થી શબ્દનો વિકલ્પ પસંદ કરો: 'ખોભરણ'
(A) વિલંબ
(B) ઉતાવળ
(C) જાહેર
(D) આનંદ

6) વિરુદ્ધાર્થી શબ્દનો અયોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) છેલ્લું × ઉપાન્ત્ય
(B) ઈમાનદાર × બેઈમાન
(C) ઠંડું × શીતળ
(D) કૃપણ × ઉદાર

7) વિશેષણ શોધો: 'મારા જેવા સારુ કટકી લૂગડું પણ ફાડે નહિ!'
(A) સારુ
(B) જેવા
(C) કટકી
(D) લૂગડું

8) વિશેષણ શોધો: 'બારબાર વરસ વનવગડામાં આથડ્યાં!'
(A) વનવગડા
(B) વરસ
(C) આથડ્યાં
(D) બારબાર

9) વિશેષણ શોધો: 'હૃદયતલમાં સુપ્ત પૂર્વગ્રહો સળવળવા માંડ્યા.'
(A) તલ
(B) હૃદય
(C) પૂર્વાગ્રહ
(D) સુપ્ત

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

10) ક્રિયાવાચક વિશેષણ વપરાયું હોય એવું વાક્ય શોધો.
   (A) મને મારા ગાંડીવનું અભિમાન હતું.
   (B) ચારે દેવની ચારે નાર, ગગને દીઠી ભરથાર
   (C) ધોધમાર વરસતે વરસાદે અમે પહેલગામ પહોંચ્યા.
   (D) બાના જીવતરની છતં પરથી ચેત પોપડા ખરતા.

11) વાક્ય કઈ બોલીમાં છે?'ચેટલાક ચોરો ઘરમાં પેહીને ચોરી કરવાના વેચારથી તે ઘર માંહે પેઠા.'
   (A) પટ્ટણી
   (B) ચરોતરી
   (C) સુરતી
   (D) સૌરાષ્ટ્રી

12) શુદ્ધવાક્ય શોધો.
   (A) મોટા ભાઈ આવ્યા અને મોટાં બહેન ગયાં.
   (B) મોટાં ભાઈ આવ્યા અને મોટાં બહેન ગયા.
   (C) મોટાં ભાઈ આવ્યાં અને મોટાં બહેન ગયા.
   (D) મોટા ભાઈ આવ્યા અને મોટા બહેન ગયા.

13) અશુદ્ધવાક્ય શોધો.
   (A) સવિનય આપને હું આ હકીકત જણાવું છું.
   (B) એક ગૌતમ નામના ઋષિ હતા.
   (C) વિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું.
   (D) ગોપાલભાઈ સજ્જન છે.

14) શુદ્ધવાક્ય પસંદ કરો.
   (A) તેણે ગોળ વર્તુળ દોર્યું.
   (B) શું મજા પડી?
   (C) યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ.
   (D) ગાયનું શુદ્ધ ઘી વાપરજો.

15) સંયુક્તવાક્ય પસંદ કરો.
   (A) આ લીંબુ છે કે બોર?
   (B) મહારાજ અરજ તો એટલી જ કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો.
   (C) કાળિયું આવી જાહે જ્યાં ગયું હશે ત્યાંથી.
   (D) રજાઓમાં દીકરા અવારનવાર ઘેર આવતા.

16) વિધિવાક્ય ઓળખવો.
   (A) ઈ ભેદભાવ સ્વર્ગમાં નોં હોય બાપા.
   (B) આમ ચંત્યા કર્યે કાંઈ વળવાનું નથ.
   (C) દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો.
   (D) તમે તો બોલશો જ મા!

17) જોડણીભેદથી અર્થભેદ થતો હોય એવો વિકલ્પ પસંદ કરો.
(A) ભૂમિ-ભૂમી
(B) ખુરસી-ખુરશી
(C) ખનીજ-ખનિજ
(D) સુર-સૂર

18) વિભક્તિનો રેખાંકિત પ્રત્યય શો નિર્દેશ કરે છે? 'કોઈને આમ સોટીએ સોટીએ મરાય?'
(A) સાધન
(B) રીત
(C) સ્થાન
(D) કર્તા

19) રેખાંકિત પદનો પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે? 'દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે?'
(A) અપાદાન
(B) કરણ
(C) સંપ્રદાન
(D) અધિકરણ

20) સહયોગીવાચક નામયોગીનો વિકલ્પ પસંદ કરો.
(A) પ્રમાણે, માફક, પેઠે
(B) માટે, વાસ્તે, સારુ
(C) વિના, સિવાય, વગર
(D) પર, ઉપર, નીચે

21) રેખાંકિત નામયોગીનો પ્રકાર જણાવો: 'દયાનંદ દાદા કેરી પુણ્ય વિરલ રસ ભોમ'
(A) હેતુવાચક
(B) સંબંધવાચક
(C) રીતવાચક
(D) અધિકરણવાચક

22) વાક્યમાં પ્રયોજાયેલા ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો: 'સામેનું વાહન વળાંકમાંથી અચાનક નીકળ્યું.'
(A) સમયવાચક
(B) સંભાવનાવાચક
(C) રીતિવાચક
(D) ક્રમવાચક

23) સ્થળવાચક ક્રિયાવિશેષણનો વિકલ્પ પસંદ કરો.
(A) નજીક, પાસે, દૂર
(B) આગળ, પાછળ, પહેલા
(C) અત્યારે, હમણાં, સદા
(D) જરૂર, ખરેખર, અવશ્ય

24) ક્રિયાવિશેષણ વપરાયું હોય એવો વિકલ્પ પસંદ કરો.
(A) સાંજે તું ચોક્કસ આવજે.
(B) આજે બહુ મહેમાન આવશે.
(C) મારે ખૂબ કામ છે.
(D) તમે મને ચોક્કસ સરનામું આપી શકો?

prepp
Your Personal Exams Guide

25) ક્રિયાવિશેષણ શોધો: 'અલકમલકની વાતો કરતાં નીંદર વહેલી આવશે.'

(A) કરતાં (B) અલકમલક
(C) નીંદર (D) વહેલી

26) ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો: 'શીલવંત સાધુને વારેવારે નમીએ.'

(A) માત્રાસૂચક (B) સમયવાચક
(C) રીતિવાચક (D) અભિગમવાચી

27) સમૂહવાચક સંજ્ઞા માટે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) સમિતિ, ફૂલ, કાપડ (B) સભા, ધણ, ટોળું
(C) સેના, મંડળી, ગીરનાર (D) સંઘ, સાગર, દયા

28) જુદી પડતી સંજ્ઞાનો પ્રકાર જણાવો: 'લેખક ઘી, ગોળ, તેલ અને કાપડ લઈ ઊભા થયા.'

(A) દ્રવ્યવાચક (B) વ્યક્તિવાચક
(C) જાતિવાચક (D) ભાવવાચક

29) કર્મણિ પ્રયોગમાં ફેરવો: 'રમેશે ચાની આદત છોડી.'

(A) રમેશથી ચાની આદત છૂટી. (B) રમેશથી ચાની આદત છૂટશે.
(C) રમેશ વડે ચાની આદત છોડાશે. (D) રમેશની ચાની આદત છૂટી.

30) ભાવે વાક્ય રચના ઓળખાવો.

(A) પોલીસથી ચોર પકડાયો. (B) ટ્રાફિકના કારણે અમારાથી મોડું અવાયું.
(C) બાથી માથું ઓળાય છે. (D) મુન્નાથી દવા પીવાશે.

31) પ્રેરક વાક્યરચના ઓળખાવો.

(A) મેં દફતરમાં મારી નોટો ભરી.
(B) એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં.
(C) માએ કુસુમાયુધને સુવડાવ્યો.
(D) વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં વૃક્ષો વાવ્યાં.

32) પ્રેરક વાક્યરચનામાં ફેરવો: 'માએ છૂંદાનું તપેલું તડકામાં મૂક્યું.'

(A) માએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મૂકાવ્યું.
(B) માએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવશે.
(C) મા મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવે છે.
(D) મા પિતાજી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવે છે.

33) વિધ્યર્થ વાક્ય પસંદ કરો.
(A) આટલું મારું માનશો તો સો વરસ જીવશો.
(B) ભાઈ, કર્યાં ભોગવવાં છે!
(C) વાહ, કેવો રૂપકડો કાન છે મારા દીકરાનો!
(D) ઘણી ખરી ઈન્દ્રિયો પર આપણો કાબુ નથી.

34) ક્રિયાતિપત્યર્થ વાક્યનો વિકલ્પ પસંદ કરો.
(A) આજે જરા બે-ત્રણ કલાક વધારે બેસજો.
(B) જેવું વાવશો એવું લણશો.
(C) બીજાને દીનદુઃખિયાંને મહેનત કરતાં શીખવું.
(D) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ન કરત.

35) આજ્ઞાવાચક વાક્ય પસંદ કરો.
(A) મારી મરિયમનો કાગળ આવશે.
(B) પણ અહિ કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?
(C) તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.
(D) જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય!

36) કૃદંત વપરાયું હોય એવું વાક્ય પસંદ કરો.
(A) તેના પુત્ર શ્વેતકેતુને તે ગમ્યું.
(B) ભદ્રિક ત્યારે અણગારી બન્યો.
(C) એક અગત્યની વાત સાંભળો.
(D) ત્યારે વિસામો લેવા એક ઝાડને છાંયડે બેઠા.

37) વાક્યમાંથી કૃદંત ઓળખાવો: 'સંબોધી સ્નેહના શબ્દો વદે ધીમે વિવેકથી'
(A) સંબોધી
(B) ધીમે
(C) વદે
(D) વિવેક

38) વાક્યમાં પ્રયોજાયેલ કૃદંતનો પ્રકાર જણાવો: 'આજે ત્રાહીત્રાહી પોકારનારા કેટલાય પાપીઓ ચાલ્યા ગયા છે.
(A) વર્તમાનકૃદંત
(B) ભવિષ્યકૃદંત
(C) સંબંધક ભૂતકૃદંત
(D) હેત્વર્થકૃદંત

39) વાક્યમાંથી નિપાત ઓળખાવો: 'જો કોઈ માણસનો અવાજ સુધ્ધાં કાને આવે તો મને કહેજો.'
(A) તો
(B) જો
(C) સુધ્ધાં
(D) કોઈ

40) નિપાત વપરાયું હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) તમારો ઉત્તર સાચો પડ્યો ખરો!
(B) તમારા ઉત્તરો હંમેશા ખરા હોય છે.
(C) રસ ને રોટલીનું જમણ કોને ભાવે છે?
(D) એ વાડીએ આવે તો હું મળવા જઈશ.

41) છંદ માટે યોગ્ય જોડકાંનો વિકલ્પ આપો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | સ્ત્રગ્ધરા | ક. | લડો પાપી સામે વિમળ દિલના ગુપ્ત બળથી |
| 2. | શાર્દૂલવિક્રીડિત | ખ. | ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા |
| 3. | મંદાક્રાન્તા | ગ. | દેવોને માનવોના મધુમિલન તણા સ્થાન સંકેત જેવો |
| 4. | શિખરિણી | ઘ. | ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઈચ્છવું. |

(A) 1-ગ, 2-ક, 3-ઘ, 4-ખ
(B) 1-ગ, 2-ઘ, 3-ખ, 4-ક
(C) 1-ગ, 2-ખ, 3-ઘ, 4-ક
(D) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ

42) બંધારણ પરથી છંદ ઓળખાવો.

ચરણ: 4
માત્રા: 31 કે 32
યતિ: 16, 21મી માત્રાએ

(A) ચોપાઈ
(B) દોહરો
(C) સોરઠો
(D) સવૈયા

43) છંદ ઓળખાવો.

ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
જાણી તેનું દુઃખ ઘણો દીલગીર દિલ છું.

(A) ઈન્દ્રવજ્રા
(B) અનુષ્ટુપ
(C) મનહર
(D) સ્ત્રગ્ધરા

44) માલિની છંદનું ઉદાહરણ ઓળખાવો.

(A) ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.
(B) સરળ હૃદય ઈચ્છે પાપીને પ્રેમ આપી,
(C) દીપકના બે દીકરા, કાજલને અજવાશ,
(D) તુજ વિના ઘેનમાં કોણ જાશે?

prepp
Your Personal Exams Guide

45) નીચેનામાંથી અયોગ્ય વિકલ્પ શોધો.

(A) શિખરિણી: 17 અક્ષર, યમનસભ લગા, યતિ- 6,12

(B) મંદાક્રાન્તા: 17 અક્ષર, મભનતત ગાગા, યતિ- 4,10

(C) વસંતતિલકા: 14 અક્ષર, તભજજ લગા, યતિ- 10

(D) હરિણી: 17 અક્ષર, નસમરસ લગા, યતિ- 6,10

46) અલંકાર ઓળખાવો, 'હું તો દારિદ્ર્યસાગરમાં ડૂચકાં ખાઉં છું.'

(A) રૂપક
(B) સજીવારોપણ
(C) અનન્વય
(D) શ્લેષ

47) અલંકાર ઓળખાવો: 'મારા રામ તમે સીતાજીની તોલે ના આવો'

(A) ઉત્પ્રેક્ષા
(B) રૂપક
(C) અનન્વય
(D) વ્યતિરેક

48) જુદો પડતો અલંકાર ઓળખાવો.

(A) તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું

(B) અમે રે સૂકું રૂનું પૂમડું

(C) ભીષણ કોઈ રાત સમ અહીં, ઘોર તિમિર છવાયું

(D) મૃત્યુની છાયામાં વસનારા લોકો પર ઊગ્યો રે ઊગ્યો પ્રકાશ

49) અલંકાર ઓળખાવો: 'આતમને આંગણે આવીને, નાથ તમે પમરાવો પોયણાની પાંખો જરી,

(A) વર્ણાનુપ્રાસ, રૂપક
(B) પ્રાસસાંકળી, રૂપક
(C) વર્ણાનુપ્રાસ, સજીવારોપણ
(D) યમક, રૂપક

50) ક્યું ઉદાહરણ ઉત્પ્રેક્ષા અને અંત્યાનુપ્રાસ અલંકારનો નિર્દેશ કરે છે?

(A) માવડીની કોટમાં તારાનાં મોતી,
જનનીની આંખ્યુંમાં પૂનમની જ્યોતિ

(B) રેશમની કાયા તારી જાણે લજામણી,
લટકંતી લટ તો જાણે ભૂલ રે ભૂલામણી

(C) જાણું છું ચિત્તડાને લાગ્યો તારો ચટકો,
જાણું છું રૂપ તારું સાકરનો કટકો

(D) ચોર્યું ફૂલ જાણે મારા હૈયાના હારનું,
જાણે ફરું રાતરાણીનું ફૂલ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

નીચેનો પરિચ્છેદ ધ્યાનપૂર્વક વાંચી પ્રશ્ન ક્રમ 51 થી 55 ના સચોટ ઉત્તર આપો.

મહાત્માજીનું બધું ગદ્ય, વ્યાખ્યાનો, લેખો વગેરે સર્વજનતાને ઉદ્દેશીને લખેલું હોય છે. એવા કેટલાક વિદ્વાનો હોય છે, જેઓ પોતાનું સાહિત્ય માત્ર વિદ્વાનો માટે જ છે એમ માને છે અને એમાં એમને કશું ખોટું લાગતું નથી. ગાંધીજી સર્વના માટે લખે છે, અને સર્વના ઉદય માટે લખે અને માટે સર્વ સમજે એવું લખે છે. ધર્મનીતિ એ સર્વને સમજવાનો અને સમજાવવાનો વિષય છે. એમણે કહ્યું છે કે મને જેમાંથી લાભ થયો હોય તે વસ્તુ સર્વ સમજે અને ફાવે તેમો લાભ લે એમ હું ઈચ્છું છું. તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે અને માટે તેઓ આખી જનતા માટે લખે છે. સર્વ સમજે એવું એમનું લખાણ ના થાય ત્યાં સુધી તેઓ તેને અપૂર્ણ માને. આના લીધે તેમની ભાષા, વાક્યરચના , દાખલાદલીલ સર્વ સાદાં અને સર્વ સમજે એવાં હોય છે. તેમનાં વાક્યો ટૂંકા હોય છે. ટૂંકા વાક્યોના તેઓ કલાકાર છે, પણ સાદી ભાષાનો અર્થ ગૌરવ વિનાની નહિ. તેમની ભાષા ગૌરવને બરાબર વ્યક્ત કરે છે. તેને માટે સંસ્કૃત શબ્દોની જરૂર હોય તો તેઓ સંસ્કૃત શબ્દો પણ વાપરે છે. તેમની ભાષા સાદી છતાં નિર્બળ નહિ. તેમના સંકલ્પનું આખું બળ, બધું ગૌરવ તેમના ગદ્યમાં બધું નિર્વિઘ્ને વહી આવે છે અને સાદી ભાષા એટલે અચોક્કસ પણ નહિ. તેઓ શબ્દો જોખી જોખીને મૂકે છે. શબ્દ પસંદગી માટે શબ્દની ચર્ચા કરતા મેં તેમને જોયા છે. અને જેમને સત્યનો આગ્રહ હોય તેમને ભાષા અચોક્કસ રાખવી પાલવે પણ નહિ. તેઓ ચોક્કસ ભાષામાં મુદ્દાસર લખે છે. એક શબ્દ પણ વધારે પડતો ન આવી જાય તેની કાળજી પણ તેઓ રાખે છે. સત્યની ખાતર મિતભાષી, એ રઘુવંશનું વર્ણન તેમને લાગુ પડે છે. અલબત્ત એમણે એકની એક વાત અનેક વાર કહેવી પડે છે, પણ ક્યાંક પણ મુદ્દાની બહાર જતા નથી, અત્યુક્તિ કરતા નથી, સીધા મુદ્દા પર આવી જાય છે.

**51)** ગાંધીજીનું ગદ્ય કેવું છે?
(A) બધાના વિકાસ માટે
(B) સર્વ જનતાને ઉદ્દેશીને લખેલું
(C) સર્વજન સુલભ, સર્વના ઉદય અર્થે , સહુ સમજે તેવું
(D) સહુ સમજે તેવું

**52)** ગાંધીજી શા માટે આખી જનતા માટે લખે છે?
(A) આખી જનતાને ફાયદો થાય એટલે
(B) તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે તેથી
(C) આખી જનતા વિદ્વાન નથી એટલે
(D) ધર્મનીતિ સમજાવવા

**53)** ગાંધીજી કેવા ગદ્યને અપૂર્ણ માનતા હતા?
(A) જે ગદ્ય સર્વજન ન સમજે તેને
(B) ગૌરવ વિનાની ભાષાના લખાણને
(C) વાક્યો ટૂંકા ન હોય તેને
(D) માત્ર વિદ્વાનો જ સમજે તેને

54) ગાંધીજીના સંકલ્પનું બળ શામાં પ્રગટે છે?
(A) શબ્દોની પસંદગીમાં
(B) વાક્યરચનામાં
(C) સંસ્કૃત શબ્દોમાં
(D) તેમની સાદી ભાષામાં

55) પરિચ્છેદને અર્થસૂચક શીર્ષક આપો.
(A) 'ગાંધીજીનું ગદ્ય' કે 'મહાત્માજીના ગદ્યની લાક્ષણિકતા'
(B) સાર્વજન સુલભ શૈલી
(C) મિતભાષિત્વ
(D) ધર્મનીતિ

56) સાચી જોડણી શોધીને લખો.
(A) કૂંપળ
(B) કુંપળ
(C) જીજ્ઞાસા
(D) જીંદગી

57) ખોટી જોડણી શોધીને લખો.
(A) દીવાબત્તી
(B) ભૂલચૂક
(C) બીજાંકુર
(D) શુરવીર

58) આપેલા વિકલ્પોમાંથી ખોટા સમાસની જોડ શોધો.
(A) જાળાંઝાંખારાં-દ્વંદ્વ સમાસ
(B) જીવદયા-તત્પુરુષ સમાસ
(C) હરવખત-કર્મધારય સમાસ
(D) પંકજ-બહુવ્રીહિ સમાસ

59) રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.
ભારતનો <u>વિચારવૈભવ</u> અદ્વિતીય છે.
(A) તત્પુરુષ સમાસ
(B) દ્વંદ્વ સમાસ
(C) કર્મધારય સમાસ
(D) ઉપપદ સમાસ

60) સંધિ છોડો. 'અન્વેષણા'
(A) અનુ + એષણા
(B) અનુ + ઐષણા
(C) અન + એષણા
(D) અનુ + ઈષણા

61) સંધિ છોડો. 'હરેન્દ્ર'
(A) હરિ + ઇન્દ્ર
(B) હર + ઇન્દ્ર
(C) હરી + ઇન્દ્ર
(D) હર + એન્દ્ર

62) સંધિ છોડો. 'નાવિક'

(A) નો + ઈક
(B) નૌ + ઈક
(C) ના + ઈક
(D) ને + ઈક

63) સંધિ છોડો. 'ઉચ્ચાર'

(A) ઉચ્ચ + ચાર
(B) ઉત્ + ચાર
(C) ઉચ્ચા + ચાર
(D) ઉચ્ચ + ચર

64) સંધિ છોડો. 'મનોરથ'

(A) મનો + રથ
(B) મનુ + રથ
(C) મન + રથ
(D) મનઃ + રથ

65) સંધિ છોડો. 'સૂક્તિ'

(A) સૂ + ઊક્તિ
(B) સૂ + ઉક્તિ
(C) સુ + ઉક્તિ
(D) સુ + ઊક્તિ

66) સમાસ ઓળખાવો : 'શ્રીયુત'

(A) કર્મધારય
(B) ઉપપદ
(C) બહુવ્રીહિ
(D) તત્પુરુષ

67) જુદા પડતા સામાસિક શબ્દનો પ્રકાર ઓળખાવો. 'ત્રિભુવન ખટમાસીમાં ખટરાગ ગાતો હોય તો ખટમીઠું ન ખાવું જોઈએ'.

(A) ઉપપદ
(B) બહુવ્રીહિ
(C) તત્પુરુષ
(D) દ્વંદ્વ

68) કર્મધારય સમાસનું ઉદાહરણ શોધો.

(A) ગંધાક્ષત
(B) ખડમોસાળ
(C) ન્યૂનાધિક
(D) નીવિબંધ

69) સમાસ માટે કયો વિકલ્પ અયોગ્ય છે?

(A) ગર્ભચોર- તત્પુરુષ
(B) ગરદા-ઉપપદ
(C) ચતુરંત- મધ્યમપદલોપી
(D) ગજેન્દ્ર-કર્મધારય

70) સમાસ ઓળખાવો: ચપડું

(A) દ્વિગુ
(B) કર્મધારય
(C) દ્વંદ્વ
(D) તત્પુરુષ

71) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'આંખો મીંચીને ગાનાર'
(A) સુરદાસ
(B) નિમગ્ન
(C) નિમીલિત
(D) નિમીલક

72) એક શબ્દ માટે શબ્દસમૂહનો યોગ્ય વિકલ્પ પસંદ કરો: 'ઢાંકણિયો'
(A) જેના પૂંછડાના ગુચ્છાની અંદર ધોળા વાળ હોય એવો બળદ
(B) ઢીંક મારતો હોય એવો મારકણો બળદ
(C) એક જ વેળામાં ચાર બળદ જેટલું કામ કરતો બળદ
(D) કામ કરવાની મોસમમાં જ માંદો પડતો બળદ

73) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'છોડને ફૂટતો નકામો ફણગો'
(A) નીંદણ
(B) વાકુંબો
(C) પીહર
(D) ખડખોદ

74) જોડકાં માટે યોગ્ય વિકલ્પ આપો.

| અ | | બ | |
|---|---|---|---|
| 1. | સુખ | ક. | લોકોનો અભિપ્રાય કે છાપ |
| 2. | હણિયું | ખ. | એક જાતની મોટી કેરી |
| 3. | મલગોબો | ગ. | ગાડી હાંકનારને બેસવાની પાટલી |
| 4. | સાખો | ઘ. | તનમનને ગમે એવો અનુભવ |
| | | ચ. | જેને મારી નાખ્યું છે તે |

(A) 1-ઘ, 2-ચ, 3-ખ, 4-ગ
(B) 1-ઘ, 2-ખ, 3-ચ, 4-ક
(C) 1-ઘ, 2-ગ, 3-ખ, 4-ક
(D) 1-ઘ, 2-ગ, 3-ક, 4-ખ

75) એક શબ્દ માટે શબ્દસમૂહ આપો: 'ગુણ્ણું'
(A) અનાજનો મોટો કોથળો
(B) પાપડની કણકનો લૂઓ
(C) સર્વ ગુણોથી સંપન્ન
(D) બીજાના ગુણગાન ગાનારું

76) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો: 'પગને તળિયે થયેલો ફોલ્લો'
(A) પાયકંદો
(B) કલ્લો
(C) પંજેળો
(D) ચવો

77) રૂઢિપ્રયોગનો અર્થ આપો: 'તુંબડાં ચલાવવાં'
(A) સાચાંજૂઠાં કરી બે પક્ષોને લડાવી મારવા
(B) કલ્પનાઓ કરવી
(C) ખોટી માથાકૂટ કરવી
(D) અકરાંતિયાની જેમ ખાવું

78) સમાનાર્થી રૂઢિપ્રયોગ પસંદ કરો:'ડોબું ખોઈને ડફોળ બનવું'

(A) પંચમાસીનું છમાસી કરવું
(B) ડોબું ચારીને દૂધ ઢોળવું
(C) ઊંઘ વેચીને ઉજાગરો કરવો
(D) મણના પાંચશેર થવું

79) જુદા પડતા રૂઢિપ્રયોગનો વિકલ્પ પસંદ કરો.

(A) લીલું પીળું થઈ જવું
(B) ત્રીજું નેત્ર ઊઘડવું
(C) લીલાં પીળાં દેખાઈ જવાં
(D) લાલ થઈ જવું

80) સમાનાર્થી રૂઢિપ્રયોગ પસંદ કરો: 'નમતે ત્રાજવે બેસવું'

(A) ઊગતા સૂર્યને પૂજવું
(B) પછેડી જોઈ સોડ તાણવી
(C) માથે ચઢાવવું
(D) ત્રાજવું નીચે નમવું

81) રૂઢિપ્રયોગનો અયોગ્ય અર્થ પસંદ કરો: 'મણિયો ઢીલો કરવો'

(A) કમજોર કરી નાખવું
(B) સખત મહેનત કરાવી;નસો ઢીલી કરી નાખવી
(C) છેક જ હિંમત વિનાનું કરવું
(D) હદ ઉપરાંતનું તપ કરવું

82) અઘોષ વ્યંજનોનો વિકલ્પ પસંદ કરો.

(A) ગ, ઘ, જ, ડ
(B) ખ, છ, ઠ, ફ
(C) ઝ, ધ, ન, મ
(D) ભ, ય, ર, વ

83) અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) द् + ध् = द्ध
(B) स् + र् = स्त्र
(C) द् + र् = द्र
(D) द् + ऋ = दृ

84) જુદી પડતી કહેવત પસંદ કરો

(A) બાવો આવ્યે બળદ ન દૂઝે
(B) નહિ વાટના કે નહિ ઘાટના
(C) ધોબીનો કૂતરો, નહિ ઘરનો નહિ ઘાટનો
(D) બે ઘરનો પરોણો ભૂખે મરે

85) કહેવતનો અર્થ આપો: 'એક દીવે દીવો ને ઘણે દીવે દિવાળી'

(A) ખૂબ સંપત્તિ હોય ત્યારે તહેવાર ઉજવાય
(B) ઘણા હોય તો જ તહેવાર જેવું લાગે
(C) આખું ગામ ભણેલું હોય તો જ સમૃદ્ધિ
(D) દરેક વસ્તુ કે વ્યક્તિની આગવી ઓળખ હોય છે

www.prepp.in

prepp
Your Personal Exams Guide

86) વિરુદ્ધાર્થી કહેવત પસંદ કરો: 'કર્યું તે કામ બીજા બધા વાયદા'

(A) ધરમના કામમાં ઢીલ શી!
(B) તરત દાન અને મહાપુણ્ય
(C) તેલ જુઓ, તેલની ધાર જુઓ
(D) કાલ કરે સો આજ કર

87) યોગ્ય કહેવત પસંદ કરો: મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું

(A) શૂળીની સજા સોયે પતી
(B) રાત થોડી ને વેશ ઝાઝા
(C) બાર ભાયા ને તેર ચોકા
(D) સસ્તું ભાડું અને સિદ્ધપુરની જાત્રા

88) કહેવતનો અર્થ આપો: 'તવે કી તેરી તગારે કી મેરી'

(A) આપણું સારું, બીજાનું નઠારું
(B) વગર મહેનતે લાભ લેવાની વૃત્તિ
(C) ચૂલા પરનું તારું, થાળીનું મારું
(D) કદરૂપી તારી, રૂપાળી મારી

89) સમાનાર્થી શબ્દોનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ડસણ, કાકર, રદન દ્વિજ
(B) તનુરુહ, સ્તેન, પ્રણિધિ, ખંભાર
(C) વાડી, વીરી, વારાંગ, વારુડી
(D) આગવો, પસ્તાગિયો, હલકારો, પરોણો

90) સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) નગીન, રત્ન, ઉપલ
(B) ઢુંઢ, મરતક, શબ
(C) લિપ્સા, પ્રતારણા, ક્ષપા
(D) નીમ, નવસ, કરોઠી

91) સમાનાર્થી શબ્દ આપો: 'પરારુક'

(A) અનુનય
(B) જાગરુક
(C) પથ્થર
(D) ચિત્ર

92) સમાનાર્થી શબ્દોનાં જોડકાંનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | અ | | બ |
|---|---|---|---|
| 1. | ખેરી | ક. | ચુંબન |
| 2. | ચષક | ખ. | દારૂ |
| 3. | કિલામના | ગ. | ધૂળ |
| 4. | કોકો | ઘ. | દુઃખ |

(A) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ
(B) 1-ગ, 2-ખ, 3-ઘ, 4-ક
(C) 1-ગ, 2-ક, 3-ખ, 4-ઘ
(D) 1-ઘ, 2-ગ, 3-ખ, 4-ક

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

93) સાચી ધ્વનિશ્રેણી ઓળખાવો: 'દ્વિજિહ્વ'

(A) દ્+વ્+ઇ+જ્+ઇ+હ્+વ્+અ

(B) ધ્+વ્+ઈ+જ્+ઇ+હ્+વ્+અ

(C) ધ્+વ્+ઈ+જ્+ઇ+હ્+ન્+અ

(D) ધ્+વ્+ઈ+જ્+ઈ+હ્+વ્+અ

94) યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) પિતા = કાતળી, પીતા = જનક

(B) રાશી = ઢગલો, રાશિ = ખરાબ

(C) રતી = પ્રેમ, રતિ = ચણોઠી

(D) શરુ = એક ઝાડ, શરૂ = આરંભ

95) જોડણીભેદથી થતા અર્થભેદનો સાચો વિકલ્પ પસંદ કરો.

(A) પાણી = હસ્ત, પાણિ = નીર

(B) વિજન = પંખો, વીજન = એકાંત

(C) શીલા = સારા ચારિત્ર્યવાળી સ્ત્રી, શિલા = પથ્થર

(D) કુલ = કિનારો, કૂલ = ટોળું

96) તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો: 'ઓબાળ'

(A) એઠવાડ

(B) બળતણ

(C) નિર્બળ

(D) ઓજાર

97) શબ્દનો અર્થ આપો: 'સુધ્ધાંત'

(A) સારા અંતવાળું

(B) સિદ્ધાંત

(C) સહિત

(D) એકદમ ચોખ્ખું

98) તળપદા શબ્દનું શિષ્ટ રૂપ આપો: 'બાંયડી'

(A) બાવડું

(B) પત્ની

(C) આંખ

(D) કિનારી

99) સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) વિભીષિકા, સધર્મચારીણી, શીરોવેષ્ટન

(B) વિભીશીકા, સધર્મચારીણી, શિરોવેષ્ટન

(C) વિભીશિકા, સધર્મચારીણિ, શીરોવેસ્ટન

(D) વિભીષિકા, સધર્મચારિણી, શિરોવેષ્ટન

100) સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) કુંસુમમાંયુદ્ધ

(B) કુસુમાયુદ્ધ

(C) કુસુમાયુધ

(D) કૂસુમાયુધ